**:: ગોંડલ મ્હે. બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુ.ગોંડલ, જી.રાજકોટ. ::**

સુલતાનપુર પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૯૭૨૬૦૦૯૨/૨૦૨૬

**અરજદાર : સંજયભાઈ ઘેલાભાઈ માયાણી**
રહે. મેતા ખંભાળીયા, તા.ગોંડલ, જી.રાજકોટ.

**:: વિરૂદ્ધ ::**

**સામાવાળા : શ્રી સ ર કા ર**

**બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ.**

---

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એ.એ.પઠાણ.**
**અરજદાર તરફે : વિ.વ.શ્રી એમ.ડી.રૈયાણી.**

---

**:: ORDER ::**

**(૧)** અરજી વંચાણે લીધી. અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તેમજ પોલિસ અભિપ્રાય વંચાણે લીધા. વિદ્વાન એડી.પી.પી. શ્રી ને સાંભળ્યા તથા અરજદારના વિદ્વાન વકિલશ્રી ને સાંભળ્યા.

**(૨)** અરજદારના વિદ્વાન વકિલશ્રી એ મુદ્દામાલ અરજી સંદર્ભે દલીલ કરેલ છે કે, આ કામના તપાસ કરનાર અમલદારે આરોપીઓએ રજુ કરતા **રૂા.૪,૨૯,૦૦૦/– (અંકે રૂપીયા ચાર લાખ ઓગણત્રીસ હજાર પુરા)** ની મુદ્દામાલ રકમ રોકડ તરીકે રીકવર કરેલ છે. સદરહુ મુદ્દામાલ રોડક રકમ આરોપીઓની પાસેથી મળેલ રોકડ રકમ હોય અને જે આ કામના અરજદારના

ખેતીના બીયારણ તથા ખાતર લેવા માટેના નાણાં હોય, તે બાબતે અરજદારે ફરીયાદ પણ નોંધાવેલ છે, તેમાં પણ અરજદારને ત્યાંથી અરજદારના દિકરા ના વિઝા એક્સ્ટેન્ડ કરવા માટે આરોપીને આપેલ હોય તેમજ સદર મુદ્દામાલ રોકડ રકમ કિંમતી મુદ્દામાલ હોય, રોકડ રકમ સાચવવા માટે પોલીસ સ્ટેશન માં યોગ્ય વ્યવસ્થા ન હોય તેમજ સદર ગુનાનો કેસ ચાલતા લાંબો સમય જાય તેમ હોય, રોકડ રકમ વચગાળાની કસ્ટડી તરીકે યોગ્ય શરતોને આધિન પરત આપવા અરજ ગુજારેલ છે. તેમજ કોર્ટ કાર્યવાહીમાં ઘણો જ સમય પસાર થાય તેમ છે. તેમજ બિન–ઉપયોગી હાલતમાં પડી રહે તો અરજદારને ગંભીર આર્થિક નુકશાન થાય તેમ હોય તેમજ મુદ્દામાલની ચલણી નોટો પોલીસ સ્ટેશનમાં રાખવાની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી પુરતી જાળવણીના અભાવે ખરાબ થઈ જવાની શક્યતા છે. જેથી બોન્ડ ઉપર પરત કરવા અરજ ગુજારેલ છે. આ કામે પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા, મુદ્દામાલ અરજદારને સોંપવામાં આવે તો તેઓને વાંધો નથી તેમ જણાવેલ છે. તેમજ વિદ્વાન એડી.પી.પી.શ્રી એ દલીલો કરેલ છે કે, અરજદારની અરજી, પોલીસ અભીપ્રાય, પંચનામું, મુદ્દામાલ પાવતી તથા એફ.આઈ.આર. ધ્યાને લેતા મુદ્દામાલ રોકડ રકમ પુરાવાનો એકભાગ હોઈ આપવા સામે વાંધો છે.

(૩) આ કામે મુદ્દામાલ વાહનની માલિકી બાબતે અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, અરજદારના **આધાર કાર્ડની નકલ, અરજદારના નામના ૭/૧૨ અને ૮–અ ની નકલ, તા.૦૯/૦૨/૨૦૨૬, તા.૧૦/૦૨/૨૦૨૬, તા.૧૨/૦૨/૨૦૨૬ તથા તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજની માલ વેચાણ બીલની નકલો** તથા **એફ.આઈ.આર.ની નકલ** રજુ કરેલ છે. તેમજ **આરોપી તરફે નો–ક્લેઈમ પુરશીશ** રજુ રાખેલ છે, જે તમામ પુરાવો ધ્યાને તથા વંચાણે લીધેલ. આ તમામ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, મુદ્દામાલ રોકડ રકમના માલિક અરજદાર હોવાનું ફલિત થાય છે. આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલતા વધુ સમય લાગી શકે તેમ છે. જ્યારે અરજદાર તરફથી ઉપરોક્ત દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, મુદ્દામાલ રોકડ રકમ અરજદારની માલિકીની હોવાનું રજુ રેકર્ડ જોતા, પ્રાથમિક રીતે સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં, સદર મુદ્દામાલ રોકડ રકમ ન સોંપવાથી ફરીયાદપક્ષની

ઈન્સાફી કાર્યવાહીને પણ અસર થાય તેમ જણાતુ નથી.

(૪) ઉપરોકત એકંદર હકીકત તથા કેસનું રેકર્ડ તેમજ આ કામના અરજદાર ધ્વારા આ અરજી સાથે રજુ કરેલ **નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબાલાલ દેસાઈ** ના ચુકાદાને માનસહ વંચાણે લેતા, આ કામે મુદ્દામાલ નાણાં જમા કરતા સમયે કયા દરની, કેટલી નોટો અને કયા નંબરની નોટ છે તે રીતે નોંધીને, પંચનામું કરી, જમા કરેલ નથી અને હાલના તબકકે અરજદાર જ બેસ્ટ કલેમેન્ટ હોય જેથી તેઓને રોકડ રકમ આપવા ઉચિત જણાય આવેલ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(અ) **સુલતાનપુર પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુ.રજી.નં.૧૧૨૧૩૦૯૭ ૨૬૦૦૯૨/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૧૬ (૫), ૫૪** મુજબના કામે પોલિસે મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ રોકડ રકમ **રૂા.૪,૨૯,૦૦૦/– (અંકે રૂપીયા ચાર લાખ ઓગણત્રીસ હજાર પુરા)** છે, તે મુદ્દામાલ રોકડ રકમ વચગાળાના સમય માટે પરત મેળવવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(બ) **સુલતાનપુર પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુ.રજી.નં.૧૧૨૧૩૦૯૭ ૨૬૦૦૯૨/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૧૬ (૫), ૫૪** મુજબના કામે પોલિસે મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ રોકડ રકમ **રૂા.૪,૨૯,૦૦૦/– (અંકે રૂપીયા ચાર લાખ ઓગણત્રીસ હજાર પુરા)** છે. જેનું વર્ણન મુદ્દામાલ પાવતીમાં કરેલ છે, તેની મુદ્દામાલ પાવતીમાં જે કિંમત દર્શાવેલી છે, તે રકમથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ સંબંધીત પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડીએ અરજદાર **સંજયભાઈ ઘેલાભાઈ માચાણી, રહે. મેતા ખંભાળીયા, તા.ગોંડલ, જી.રાજકોટ** નાએ કરી આપ્યેથી સદરહુ મુદ્દામાલ રોકડ રકમ આ કેસનો આખરી નિકાલ થતા સુધી વચગાળાની કસ્ટડીથી નીચેની શરતોને આધિન પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

**:: શ ર તો ::**

(૧) અરજદારે મુદ્દામાલ રોકડ રકમ નામદાર કોર્ટ અગર પોલીસ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં અચુક રજુ કરવાનું રહેશે.

(૨) અરજદારે મુદ્દામાલ રોકડ રકમનો આવા પ્રકારની કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં ફરીથી ઉપયોગ કરવો–કરાવવો નહીં.

- સદરહુ હુકમ અંગે જરૂરી યાદી પોલિસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ–**૦૯ મી,** માહે–**જુન,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૬/૨૦૨૬

સ્થળ : ગોંડલ.

**ઈ/ચા.** બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ.